# APPENDIX NO: 17

## બિરબલની ખિચડી.

અકબર રાજા હતો તે ખૂબ લોકપ્રિય હતો. બુધ્ધિશાળી ચતુર હતો. તેને ત્યાં બિરબલ નામનો પ્રધાન હતો. તે ખૂબ હોશિયાર હતો. ગમે તેવા સવાલના જવાબ તુરત આપતો.

એક વખત અકબરે જાહેર કર્યું કે જે કોઈ તેના મહેલની બાજુના તળાવમાં ઉઘાડા શરીર આખી રાત રહેશે. તેને ૧૦૦ સોના મહોરો આપશે.

એક વૃધ્ધ ગરીબ-ઈનામ લેવા માટે પાણીમાં ઉભો કરયો. આખી રાત ઠંડીમાં ધ્રુજતો પાણીમાં રહયો સવારે અકબરે પુછયું કે તુ આખી રાત કેવી રીતે રહયો. ત્યારે વૃધ્ધ માણસે કહયું તમારા મહેલના દિવા સામે જોઈને માળા જપતો હતો.

બાદશાહે ઈનામ આપવાની ના પાડીને કહયું તને દિવાની ગરમી લાગી માટે તુ તળામાં રહયો.

વૃધ્ધ નિરાશ થઈ જતો હતો. રસ્તામાં બિરલ મળ્યો. તેણે બધી વાત જાણી પછી વૃધ્ધને સમજાવી પોતાની પાસે રાખ્યો ઘરે જઈ અકબરને જમવાનું આમંત્રણ આપ્યું અકબર જમવા આવ્યો ખૂબ વાર લાગી છતાં જમવાનું ન આવ્યું દરબારી બિરબલને બોલાવા ગયા તો કહે ખિચડી પાકે એટલે આવુ છુ ઘણી વાર થઈ બિરબલ ન આવ્યો. બાદશાહ જાતે જોવા ગયાને જોયું તો ઝાડ ઉપર હાંડલીમાં ખીચડી હતી. નીચે તાપ હતો તે બિરબલ બેઠા હતા બાદશાહ કહે બિરબલ શું કરો છો ? કયારે ખાવાનું આપશો બિરબલ કહે ખિચડી થાય ત્યારે આપું બાદચાહ કહે આમાં ખિચડી ન ચડે આમા ગરમીન લાગે. ત્યારે બિરબલ કહે તમારા મહેલના દિવાની ગરમી વૃધ્ધ ને લાગે તો આ તાપણી ખીચડી ચડે બાદશાહ ને ભૂલ સમજાઈ.

(૧) બિરબલ કોણ હતો ?

(૨) અકબરે સેના માટે ઈનામ જાહેર કરેલું હતું ?

(3) અકબરે શા માટે વૃધ્ધ માણસ ને ઈનામ આપ્યું નહી ?

(૪) ખિચડી પાકતા શા માટે વધારે વાર લાગતી હતી ?

(૫) શું બિરબલ ખરેખર મૂર્ખ હતો ?